વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ




પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

અ

# પૂજ્ય શ્રી સોભાગ્યભાઈના સમાધિ દિને (જેઠ વદ૧૦) તેમને કોટી કોટી વંદન



શિષ્ય ગુરુનો ઉપકાર વ્યક્ત કરે અને તે અર્થે વંદન નમસ્કાર આદિ ભાવોથી ગદ્‌ગદ થાય તે પ્રસિધ્ધ છે. પરંતુ શ્રી સૌભાગ્યભાઈની પાત્રતા કેવી આશ્ચર્યકારક સમજવી કે ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવે તેમનો ઉપકાર ગાઈને વંદન અને ચરણસ્પર્શ આદિ ભાવો વ્યક્ત કર્યા છે!!!


– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ


# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૯ : અંક-૩૦૬, વર્ષ-૨૫, જૂન-૨૦૨૩


**શ્રાવણ સુદ ૪, શુક્રવાર, તા.૨૨-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૭,૯૮, પ્રવચન-૪૧**

अ





જે આત્માને જ્ઞાન અને વૈરાગ્ય નામ રાગથી ખસી જવું એ સુખદાતા છે. એને કષ્ટદાતા માને, ભાઈ! બાપા! એ કરી તો જુઓ! પંચ મહાવ્રત પાળી તો જુઓ! નગ્ન તો રહી જુઓ! પડિમા ધારીને કષ્ટ તો સહન કરી જુઓ! આ શું કહે છે? અરે..! ભગવાન! તું શું કહે છે? ભાઈ! એ કષ્ટ સહનનો ભાવ એ તો આર્ત્તધ્યાન થયું, ભાઈ! એમાં તો દુઃખરૂપ દશા છે. એ દુઃખરૂપ દશા મોક્ષ જે પૂર્ણ સુખને સાધે? સુખી થયેલો આત્મા સુખને સાધે. આહાહા..! કહો, 'દોશી'! સમજાય છે કે નહિ આમાં? ન્યાં 'મુંબઈ'માં આવી ઝીણી વાત ન આવે, હોં! ન્યાં તો બધી અમુક રીતની આવતી હોય. ત્યાં તો દસ-દસ, બાર, પંદર હજાર માણસ આવે. એ તો અમુક રીતની વાત (આવે), દાખલા આવે, અમુક આવે. મોટા શહેરમાં કો'ક દિ' થોડું રહેવું એમાં... આહાહા..!

કહે છે, ભાઈ! પ્રભુ! તારી પ્રભુતા તો તારી પાસે છે ને, ભાઈ! ઈ પ્રભુતામાં તો આનંદની પ્રભુતા તારી પાસે છે. એને પુણ્ય-પાપના રાગ રહિત સુખી દશા પ્રગટ કરી આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરવું એનો અર્થ કે સુખી દશા કરવી. દુ;ખની દશાનો અભાવ કરીને સુખી ભગવાનઆત્મા તેનો આશ્રય લઈને સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટ કરવી એ સુખરૂપ દશા છે. એ સુખી થયેલો, સુખમાં આવેલો આત્મા પૂર્ણ સુખને સાધે છે. આહાહા..! એ કહ્યું છે ને આમાં? ' **जं विंदहिं साणंदु सो सिव-सुक्खँ भणंति'** ' સમજાણું કાંઈ?

'આત્મિક સુખનો સ્વાદ પ્રાપ્ત કરવાનો ઉપાય પોતાના જ શુદ્ધ આત્મામાં નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરવી તે છે. તત્ત્વજ્ઞાની માટે યોગ્ય છે કે તે પહેલાં ગાઢ વિશ્વાસ કરે કે હું જ સિદ્ધ સમાન શુદ્ધ છું.' પહેલી ગાઢ (શ્રદ્ધા) કરે કે, ઈન્દ્ર ને નરેન્દ્ર કોઈ આવે ને ફેરવે (તોપણ) ત્રણકાળમાં ન ફરે. હું પોતે શુદ્ધ આનંદકંદ સિદ્ધ સમાન જ મારું સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવો દ્રઢ વિશ્વાસ કરી, 'મારું દ્રવ્ય કદી સ્વભાવ રહિત થયું નથી.' મારો ભગવાન, મારો ભગવાન, મારા ભગવાન મહિમાવંત સ્વભાવથી ખાલી નથી. મારો ભગવાન, એ વસ્તુ ભગવાન! મહિમાવંત સ્વભાવથી ભગવાન ખાલી ન હોય, મહિમાવંત સ્વભાવ! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પરમેશ્વરતા. સ્વરૂપના અનંતપણાની દશાને કરે, કર્મ કરે, શાંતિ સાધન પોતે કરે. એવા એક એક ગુણની અનંત મહિમા ધરનારો ભગવાન મહિમાવંત પ્રભુ, એના ગુણની મહિમાના સ્વભાવથી કોઈ દિ' ખાલી હોય નહિ. આ વિશ્વાસ આવ્યા વિના એના તરફનું વલણ ઠરવાનું ન હોઈ શકે. ઠરવું સમજાય છે? ચારિત્ર, ચરવું.

આવો અંદર ભગવાન પરમાનંદ મૂર્તિ, જેનાં મહિમાવંત સ્વભાવથી કોઈ દિ' રહિત થયો જ નથી. પર્યાયમાં અલ્પતા, વિકલ્પતા ભલે હો. સ્વરૂપ છે એ તો પૂર્ણાનંદથી રહિત કોઈ દિ' ન હોય. એવો જેને અંતર દ્રઢ વિશ્વાસ આવ્યો એને સ્વરૂપમાં ઠરવાનું એ સ્થાન મળ્યું. સમજાણું કાંઈ? એ ઠરવાનું ધામ મળ્યું, ઠરવું અહીં, રહેવું અહીં, જેટલો અહીં ઠર્યો એટલો આનંદ પ્રગટ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

પછી થોડી લાંબી વાત છે. 'સ્વાનુભવની કળા સમ્યક્ત્વ થતાં જ જાગી જાય છે.' લ્યો! સમજાણું? ભાઈ! આત્મા પોતાના સ્વભાવની રુચિ કરી ક્યારે કહેવાય? કે, તે સ્વભાવ તેના જ્ઞાનમાં ભાસે. આત્માનો સ્વભાવ શુદ્ધ આનંદ, જેની જ્ઞાન દશામાં ભાવ ભાસે, ભાવ ભાસે ત્યારે તેનો વિશ્વાસ આવે. ત્યારે તેને આમાં ઠરવાથી કલ્યાણ થશે એમ ચારિત્રની દશા પ્રગટ થાય. આહાહા..! આવી વાતું છે. વ્યવહાર આડે લોકોને મારી નાંખ્યા. વ્યવહારનાં થોથા ને થોથા વિકલ્પની ઝાળ, એમાં જાણે બધું થઈ ગયું. ધર્મ ને સામાયિક ને પોષા ને પડિકમણા ને.. હેં! તમારા 'નાગનેશ'માં બહુ થાય છે, નહિ? આ બધા પણ કરતા હશે ને? તમે પણ કર્યા હશે? આ પણ ભેગા હતા ને? એ મોઢા આગળ બેસતા. સામી દુકાન, સવારે વહેલા આવે. ખબર છે? સવારે વહેલા ચાર વાગે આવે. ... એમ થઈ જાય. પણ આ 'મૂળચંદભાઈ' શું કરવા બેઠા છે ન્યાં? 'છોટાભાઈ'! ખબર છે ને? 'છોટાભાઈ'ને તો ખબર હશે. 'મૂળચંદ રતન' અપાસરાની સામે દુકાન. ઉં... કરતાં કરતાં ઝોલું મારી જાય. અરે..! ભગવાન!

આત્માનો સ્વભાવ.. ભાઈ! તેના જ્ઞાનમાં ભાવ ભાસ્યો નહિ એનો વિશ્વાસ એને કેમ આવે? જે આત્માનું વસ્તુસ્વરૂપ છે એનું જ્ઞાનનું ભાન થયા વિના, એના ભાવનાં ભાસન, ભાસન કહો કે જ્ઞાન કહો. ભાઈ! 'ટોડરમલે' 'ભાવભાસન' શબ્દ બહુ વાપર્યો છે. 'ટોડરમલે' 'ભાવભાસન' શબ્દ ઘણી વખત વાપર્યો છે એનો આ હેતુ છે. ભાવભાસન વિનાની શ્રદ્ધા તે શ્રદ્ધા નહિ. સમજાણું કાંઈ? એમ ને એમ માની લેવું કે, આ આત્મા છે ને આ પરમાત્મા સર્વજ્ઞ છે. સર્વજ્ઞ છે તો તને ભાવ ભાસ્યો છે? સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. સમજાય છે કાંઈ? એવી મહિમાવાળું જ્ઞાન તને અંદર ભાસ્યું છે? કે, આવી અસ્તિ જગતમાં છે. ક્યારે ભાસે? કે હું પણ પોતે સર્વજ્ઞ સ્વભાવી છું. એને પ્રગટ થઈ છે. હું સર્વજ્ઞ સ્વભાવી છું. એવો 'સર્વજ્ઞ' શબ્દે જ્ઞાનસ્વભાવ. 'જ્ઞાન' શબ્દે પછી એમાં પૂરો. અધૂરો હોય જ નહિ. એ જ્ઞાનસ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ. એવા સ્વભાવનું જ્ઞાનમાં ભાસન થયા વિના, એ આત્માની શ્રદ્ધા ભાવભાસન વિના સાચી હોઈ શકે નહિ. અને એ વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

'સમ્યગ્દ્રષ્ટિને સ્વાનુભવ કરવાની રીત મળી જાય છે.' ઓલી કોર છે. ધર્મની દ્રષ્ટિ થઈ ત્યારે એને કળા હાથ લાગી ગઈ કે, આ અનુભવ આમ કરવો. એકવાર માર્ગ જોયો હોય ને તો બીજીવાર એને સહેલું પડે.

'ધવલ'માં આવે છે ને? ભાઈ! **'દીઠમગ્ગે'** એવો શબ્દ બહુ આવે છે. 'ધવલ'ની અંદર 'વીરસેનસ્વામી' ટીકામાં **'દીઠમગ્ગે'** (અર્થાત્) દેખેલે માર્ગે જ્ઞાની જાય છે, અજ્ઞાની પણ દેખેલે માર્ગે જાય છે. ઊંધી શ્રદ્ધા ને ઊંધી માન્યતાને માર્ગે એ ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? **'દીઠમગ્ગે'** જેણે ભગવાન આત્માની કેડી લીધી છે, કેડી સમજ્યા ને? આ રસ્તો, પગે ચાલવાની કેડી હોય છે ને? પગદંડી. એ.. આ કેડી ગઈ. એમ ધર્મીના જ્ઞાનમાં આત્માના સ્વભાવનું ભાન થતાં એનો માર્ગ દીઠો છે કે આમાં ઠરવાથી શાંતિ મળે છે. એટલે એણે દીઠેલે માર્ગે ત્યાં રમે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથામાં એટલું ભર્યું છે, એટલું ભર્યું છે!! સમજાણું?

કહે છે, 'આત્માની પુરુષાર્થની નબળાઈથી બધા જ સમ્યગ્દ્રષ્ટિ આ પ્રમાણે કરી શકતા નથી. જો તેઓ શક્તિ અનુસાર ઘરમાં રહેતા હોય તો...' પૂર્ણ આનંદ ને સંતપણું ન પ્રગટ કરી શકે તો ગ્રહસ્થાશ્રમમાં રહીને પણ 'સમય કાઢીને આત્માનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે.' જુઓ! સામાયિકનો અભ્યાસ આવ્યો છે. સામાયિક છે ને આ? સમાધિ છે ને આ? ગૃહસ્થાશ્રમમાં પણ મુનિ જેટલો સમય એને મળે નહિ તો આત્માની અંતર અનુભવની ધારાને માર્ગે જાવું એવો થોડો વખત લઈ સામાયિકમાં એ વખત કાઢે છે. સમજાણું કાંઈ? 'સામાયિકનો અભ્યાસ કરે છે...' 'સમય કાઢીને આત્માનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે.' પછી ઘણી વાત કરી છે.

'તત્ત્વાનુશાસન'માં કહે છે. 'સમાધિભાવમાં સ્થિર થઈને જો જ્ઞાન સ્વરૂપ આત્માનો અનુભવ ન થાય તો તેને ધ્યાન નથી.' 'તત્ત્વાનુશાસન'માં તત્ત્વ–અનુશાસન શીખામણ. ભગવાનઆત્મા...! કહે છે કે, એનું ધ્યાન કરે અને એને આનંદ ન આવે તો એ ધ્યાન જ નથી. જે વસ્તુ આનંદમૂર્તિ છે એમાં એકાગ્ર થયો એમ કહેવું ને વળી આનંદ ન આવે! એ ખોટો. ધ્યાન કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ (એમ ઘણા કહે છે). શેનું ધ્યાન? આત્માનું. આત્માનું? આત્મા શું છે ? શું કહ્યું ભાઈ? 'ભાઈ'! રાગનું ધ્યાન કર તો રાગનો સ્વાદ આવે. એનો આકુળતાનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. પણ એ આકુળતાની એને મિંઢવણી નથી. મિંઢવણી એટલે? મેળવણી. આ આનંદ છે ને આકુળતા (છે). એ આનંદ ભાળે તો એની સાથે મેળવે કે આકુળતા છે. એક માલ દીઠો હોય તો બીજા માલ સાથે મેળવે કે આ બાજરો... શું કહેવાય? મગના દાણા જેવો. બાજરો હોય છે ને? રોટલો (થાય). એ મગના દાણા જેવો, જુવાર મોતીનાં દાણા જેવી, એવી બધી વાણિયાની ભાષા હોય છે. જુઓ! મગના દાણા જેવો બાજરો છે. 'ચેતનજી'! જુવાર હોય તો મોતીના દાણા જેવી કહે. પણ ઓલી સારી દીઠી હોય તો કો'કની સાથે મેળવે કે આ મોતીના દાણા જેવી જુવાર (છે અને) આ જુવાર એવી નથી, ભાઈ!

એમ આત્માને આનંદનો સ્વાદ દ્રષ્ટિમાં આવ્યો હોય તો રાગાદિ આકુળતા છે એમ એની સાથે મેળવે. આહાહા..! આ આકુળતા છે, આ આનંદની જાત નથી. પણ જેને આનંદની જ જ્યાં ખબર નથી એને આ આકુળતા છે, એ કોની સાથે મેળવશે? એ આકુળતા જ એનું સર્વસ્વ સ્વરૂપ માનશે. સમજાણું કાંઈ?

'સમાધિભાવમાં...' ઈ 'તત્ત્વાનુશાસન'નો શ્લોક છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એનો અનુભવ ન હો અને તે ધ્યાન કરે. બધા કરે છે ને કેટલાક અન્યમતિમાં? ૐ ૐ ૐ બાપા! એ ધ્યાન નથી. ધ્યાન તો યથાર્થ તો એને કહીએ કે, જે આત્મા વસ્તુ સર્વજ્ઞે જોયો ને છે, એ તો આનંદમય છે, એવા અનંત ગુણવાળો છે. કારણ કે આનંદ છે એની રુચિ છે, એનું જ્ઞાન છે, એનું વીર્ય છે, એની સ્થિરતા છે, અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, પ્રમેયત્વ છે, જ્ઞાનમાં જણાય એવા અનંત ગુણનો પિંડ છે. એવા આત્માનું જો ધ્યાન હોય અને આનંદ અતીન્દ્રિય ન આવે તો એ ધ્યાન જ જુઠુંખોટું છે. કાંઈક કલ્પના માને છે કે, હું ધ્યાન કરું છું.

(એક કહે) પીળુ દેખાણું. એક જણા પુછતા હતા, નહિ? એક પડિમાધારી હતો. એક હતો ને? ભાઈ હતા ને? 'ચિદાનંદજી'! અહીં બે–ત્રણ વખત રહ્યા હતા ને?

હાથવાળા નહિ? ઓલા 'ચિદાનંદ'. હાથ આમ હતો ને! એની સાથે એક પ્રભુજી હતા, એનું નામ પ્રભુ. પછી અહીં આવ્યા. સાત પડિમાધારી, નામ પ્રભુજી. પાણી લઈ આવ્યા હોય ને ... માથે લઈને આવે. સાત પડિમાધારી, પછી એને પૂછીએ કે આત્મા કેવો? તો કહે, રાતો, લાલ. આત્મા લાલ (છે). એક આર્જિકા સાંજે આવી હતી. બહુ થાકેલી (હતી). ન્યાં કોઈએ પૂછ્યું હશે, અહીં તો આત્માની વાત છે. આત્મા કેવો? પહેલો હોય રાતો અને પછી દેખાય ધોળો. આર્જિકા હતી. પછી થાકી ગયેલા. પોતા–બોતા મૂકે. પાણી પીવાય તો નહિ. છાશ સમજ્યા? મઠા. લૂ બહુ લાગેલી, આમ ક્યાંકથી સાંજે ચાલેલા આવેલા. એવી ગરમી લાગે, પાણી પીવાય નહિ, છાશ લેવાય નહિ. (લોકો કહે), પરિષહ સહન કર્યાં. આર્ત્તધ્યાન છે, બાપા! એને પૂછ્યું ત્યારે કહે, આત્મા પહેલો લાલ હોય પછી ધોળો. આહાહા..! હજી તો આત્માની ખબર ન મળે અને આ પડિમાઓ ને વ્રત ને ત્યાં ચડી ગયા હતા.

(અહીંયાં) કહે છે, ભાઈ! જેને એમ છે કે અમે ધ્યાન, ધર્મધ્યાન કરીએ છીએ. એમ તો લોકો કહે છે કે નહિ? અમે ધર્મધ્યાન કરીએ છીએ. તો ધર્મધ્યાનની વ્યાખ્યા શું? ધર્મ એવો જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, એનું ધ્યાન. તો એના ધ્યાનમાં જો એકાગ્ર થયો હોય તો ધ્યાન. એ એકાગ્રતામાં જો અતીન્દ્રિય આનંદ ન આવે તો એ ધ્યાન જ નથી. સમજાણું કાંઈ? લ્યો! 'તે મૂર્ચ્છાવાન અથવા મોહી છે.' આચાર્ય કહે છે, હોં! 'તત્ત્વાનુશાસન'. 'તત્ત્વાનુશાસન' કોનું છે? હેં? 'રામસેનજી'નું છે.

અહીં કહે છે... આ વાતમાં ન્યાય છે, શ્લોક મૂક્યો છે, જુઓ!

**समाधिस्थेन यद्यात्मा बोधात्मा नाऽनुभूयते।**
**तदा न तस्य तद्ध्यानं मूर्छावान्मोह एव सः।।१६९।**
**तदेवानुभवँश्चायमेकाग्रय परमृच्छति।**
**तथात्माधीनमानंदमेति वाचामगोचरं।।१७०।।**

દિગંબર મુનિઓએ, સંતોએ તો બહુ ટૂંકામાં ઘણા માલ ભરી દીધા છે. મૂળ સત્તાને સ્થિરતા દ્વારા, ચારિત્ર દ્વારા અનુભવી છે. આહાહા..! સમજાય છે ને? અને શાશ્વત માર્ગ જે હતો એ માર્ગનો પોતે જાતે અનુભવ્યો છે. એવી ટૂંકામાં વાત કરી છે. ચારિત્ર સહિતમાં રહેનારા એટલે આહા..હા..!

કહે છે જેને આત્માનું ધર્મધ્યાન કહીએ એ ધર્મનાં ધ્યાનમાં જો આત્માનો આનંદ ન આવ્યો હોય તો એ પ્રાણીને મૂર્ચ્છાવાન અને મોહી કહીએ છીએ. ક્યાંક મૂર્ચ્છાઈ ગયો છે માટે અહીં આનંદ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાંક અર્પાઈ ગયો લાગે છે. ઘરની સ્ત્રી આમ પદમણી જેવી હોય પણ પ્રેમ ન લાગતો હોય ત્યારે પછી એને શંકા પડી જાય, ક્યાંક આનું મન બીજે રમતું લાગે છે. બીજે ક્યાંક છે, અહીં મન જામતું નથી. ઓળખી લે પછી એને દ્વેષ થઈ જાય, હોં! એને ખબર પડે કે આ સાથે છે. જગતમાં એનો રીવાજ છે.

એમ અહીંયાં કહે છે, પરમાત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે અને એનું જો એ ધ્યાન હોય અને આનંદ ન આવે તો એ ક્યાંક મૂર્ચ્છાઈ ગયો છે. ક્યાંક પુણ્ય ને પાપના પ્રેમમાં ફસાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ શુભ–અશુભ લાગણી કે કોઈ વિકલ્પમાં અંદર ફસાઈ ગયો છે. જો ફસાણો ન હોત તો ધર્મધ્યાન તો જેનું ધ્યાન કરે એમાં તો આનંદ છે. તે ધ્યાનમાં આનંદ કેમ ન આવે? સમજાણું કાંઈ?

આ તો 'તત્ત્વાનુશાસન' છે ને! 'જ્યારે ધ્યાન કરતાં આત્માનો અનુભવ પ્રગટ થાય છે ત્યારે પરમ એકાગ્રતા થાય છે અને ત્યારે જ તે વચનથી અગોચર આત્મિક આનંદનો સ્વાદ ભોગવે છે.' સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણેય ખરેખર જ્ઞાનની પ્રગટ દશા છે. જ્ઞાન સાથે આનંદ પણ છે માટે જ્ઞાન સાથે આનંદ પણ ત્રણેયમાં સાથે છે. સમજાણું કાંઈ? તેથી કહે છે, જેણે આત્માનુભવ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ સ્થિરતા પ્રગટ કરી 'ત્યારે પરમ એકાગ્રતા થાય છે...' ત્યારે અંતર એકાગ્રતા છે. 'ત્યારે જ તે વચનથી અગોચર આત્મિક આનંદનો સ્વાદ ભોગવે છે.' એ ૯૭ (ગાથા પૂરી) થઈ.

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં.. )**

# પૂજ્ય શ્રી સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈનું સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગુણ સંકીર્તન!!

પરમ મહાત્મા પૂ.શ્રી સૌભાગ્યભાઈ મહાત્મા શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિમાં એકલયે રહ્યા હતા. એવી જે તેમની ઉત્કૃષ્ટ ભક્તિ મુમુક્ષુ જીવ માટે આદર્શરૂપ છે. જે પરાભક્તિથી ગોપાંગનાઓ વાસુદેવની ભક્તિમાં હતી અને જે ભક્તિને લીધે આત્મા પરમાત્મામાં એકરૂપ થઈ જાય તેવી પરાભક્તિ તેઓશ્રીને પ્રાપ્ત હતી. તેમનામાં આત્માર્થીતા, સરળતા, લઘુતા આદિ અનેક ગુણો હતા. તથાપિ ઉપરોક્ત પરાભક્તિવશાત્ એક વિશિષ્ટ ગુણ તે હતો કે 'જ્ઞાનીના માર્ગ ઉપર ચાલવાનો તેમનો અદ્‌ભુત નિશ્ચય' જોઈને કૃપાળુદેવે આ ખાસ ગુણ પ્રત્યે (પત્રાંક-૭૮૩માં) મુમુક્ષુઓનું ધ્યાન ખેંચ્યું છે. તેમને પ્રાપ્ત પ્રત્યક્ષ જ્ઞાની કૃપાળુદેવ અને પરમાત્મામાં અંતર જ નહોતું. એવી સમ્યક્પ્રતીતિપૂર્વક કૃપાળુદેવ પ્રત્યે તેમને અચળ પ્રેમ હતો. જેને લીધે અંતે તેઓ જ્ઞાનદશાને પ્રાપ્ત થયા અને આ ભવના છેલ્લા ગણતરીના દિવસોમાં અનંત ભવનું છેદક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી એક ભવમાં અનંતભવની કમાણી કરી ગયા.

પૂ. શ્રી સૌભાગ્યભાઈના જીવન પરિચય અંગે સંક્ષેપમાં ઉલ્લેખનીય છે કે તેઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી કે જે સ્થિતિમાં સામાન્ય મનુષ્યને તો અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ કરવામાં જ પૂરી જિંદગી વ્યતિત થઈ જાય. તેમ છતાં તેમની આત્મકલ્યાણ અંગેની ઝંખના અસાધારણ હતી જે કોઈપણ મુમુક્ષુ માટે ગવેષણીય છે.

પરમ કૃપાળુદેવનો ભેટો થયા પછી તેમના પ્રત્યક્ષ સમાગમમાં રહેવા માટે તેમનો આત્મા હંમેશા ચિંતિત રહ્યા કરતો હતો. અને આ છ-સાત વર્ષના અંતિમ જીવન દરમિયાન તેઓ ૫૬૦ દિવસ જુદાં-જુદાં સ્થળે પ્રત્યક્ષ



સમાગમમાં રહ્યા હતા. એમ કહી શકાય કે કૃપાળુદેવનો પ્રત્યક્ષ સમાગમ તે તેમના જીવનની એક પરિણતિ થઈ ગઈ હતી. અને કોઈપણ દિવસ એવો ખાલી નહિ ગયો હોય કે તેમને કૃપાળુદેવનું સ્મરણ ન થયું હોય. કૃપાળુદેવમાં જ તેમનો જીવ વળગેલો રહેતો હતો અને એ જ તેમની પરિણતિની ભજના હતી. અંતિમ અવસ્થામાં તેમણે જે ભાવો વ્યક્ત કરેલા તે તેમની પાત્રતાની ચરમસીમાને દર્શાવનારા છે. કૃપાળુદેવને તેમણે લખી જણાવેલું કે 'હવે રોગના કારણથી દેહ છૂટશે નહિ પરંતુ આપના વિયોગની વેદનાથી દેહ છૂટી જશે.' તે અગાઉ તેમણે અનેક પત્રોમાં અનેક પ્રકારે સાયલે પધારવા માટે વિનંતી કરેલી પરંતુ એમ લાગે છે કે વિયોગની વેદના તીવ્ર થવા અર્થે જ તેઓ સાયલે આવવામાં મોડું કરે જતાં હતાં. જ્યારે પૂજ્યશ્રી સૌભાગ્યભાઈના છેલ્લી હદના પાત્રતાના પરિણામો જોયા

કે તુરત જ તેઓ પ્રત્યક્ષ દર્શન માટે પહોંચ્યા અને ત્યાંથી 'બીજજ્ઞાન' દેવાના ખાસ પ્રયોજન અર્થે તેમને ઈડર લઈ ગયા. જેના ફળસ્વરૂપે ઈડરથી આવ્યા પછી તેમને નિર્વિકલ્પ પરમાર્થ ભવછેદક સમ્યક્દર્શનની–આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ થઈ હતી.

તેમની પાત્રતા વિશેષ માટે શબ્દો શોધ્યા જડે તેમ નથી. પરંતુ કૃપાળુદેવના શબ્દોમાં તે પોતાને માટે 'પેટ દેવા જોગ' હતા. કેટલાક પ્રસંગો તેમની અસાધારણ અને અચિંત્ય પાત્રતાના સંકેતરૂપે છે. જેમકેઃ–

(૧) જેમના પ્રથમ મિલનથી કૃપાળુદેવને આત્મજ્ઞાનના બીજભૂત જ્ઞાનની સ્મૃતિ થઈ. જાગૃતિ થઈ, થોડા દિવસોમાં જ આત્મસાક્ષાત્કાર થયો. જે આત્મામાં આવું અદ્‌ભુત અને આશ્ચર્યકારી નિમિતત્વ હોય તેની પાત્રતા માટે શું કહેવું ? ખરેખર આવી સુયોગ્યતા વચનાતીત છે.

(૨) ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવ તેમના સત્સંગને ચાહતા હતા, કે જેથી તે સત્સંગ યોગે સ્વયંના આત્મગુણ આવિર્ભાવ પામતા હતા.

(૩) તેમની પાત્રતા વિશેષને અનુલક્ષીને અનેક પત્રો લખતી વખતે ગુણ વાચક સંબોધનો લખ્યાં છે જે નીચે પ્રમાણે છે.

* સંવત ૧૯૪૬ના પત્રોમાં : 'આત્મવિવેક સંપન્ન', 'સૌભાગ્યમૂર્તિ સૌભગ્ય.'

* સંવત ૧૯૪૭ના પત્રોમાં : 'પરમ પૂજ્ય', 'કેવળબીજ સંપન્ન', 'સર્વોત્તમ ઉપકારી', 'પરમ પૂજ્યશ્રી', 'જીવનમુક્ત', 'સૌભાગ્યમૂર્તિ', 'મહાભાગ્ય', 'શાંતમૂર્તિ', 'પરમ વિશ્રામ', 'સ્વમૂર્તિરૂપ સૌભાગ્ય.'

* સંવત ૧૯૪૮ના પત્રોમાં : 'સ્મરણીય મૂર્તિ', 'હૃદયરૂપ', 'આત્મસ્વરૂપે હૃદયરૂપ વિશ્રામ મૂર્તિ', 'સ્મરણરૂપ, મુમુક્ષુ પુરુષોએ અનન્ય પ્રેમે સેવન કરવા યોગ્ય,પરમ સરળ, અને શાંતમૂર્તિ એવા શ્રી 'સુભાગ્ય', 'મુમુક્ષુજનને પરમ હેતસ્વી, સર્વ જીવ પ્રત્યે પરમાર્થ કરુણાદ્રષ્ટિ છે જેની એવા નિષ્કામ, ભક્તિમાન શ્રી સુભાગ્ય.'

* સંવત ૧૯૪૯ના પત્રોમાં : 'મુમુક્ષુજનના પરમ વિશ્રામરૂપ', 'મુમુક્ષુજનના પરમ બાંધવ, પરમ સ્નેહી શ્રી સુભાગ્ય.'

* સંવત ૧૯૫૦ના પત્રોમાં : 'મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુ પુરુષ શ્રી સોભાગ', 'સત્સંગ યોગ્ય, પરમ સ્નેહી શ્રી સોભાગ', 'પૂજ્યશ્રી.'

* સંવત ૧૯૫૧ના પત્રોમાં : 'ઉપકારશીલ', 'આર્યશ્રી', 'શાશ્વત માર્ગનૈષ્ઠિક', 'સત્સંગ નૈષ્ઠિક', 'પરમાર્થ નૈષ્ઠિકાદિ ગુણસંપન્ન','પરમાર્થ નૈષ્ઠિક', 'આત્માર્થી.'

* સંવત ૧૯૫૨–૫૩ના પત્રોમાં : 'પરમ નૈષ્ઠિક, સત્સંગ યોગ્ય, આર્યશ્રી સોભાગ', 'આત્મનિષ્ઠ', 'પરમ ઉપકારી આત્માર્થી, સરળતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ.'

(૪) વચનામૃત ગ્રંથમાં, મુમુક્ષુ જીવોને પ્રયોજનભૂત એવું અદ્વિતીય તત્ત્વ જે કૃપાળુદેવના હૃદયમાં પડ્યું હતું તે પૂ. શ્રી સોભાગભાઈની પાત્રતાવશાત્ બહાર આવ્યું અને તે સમયના અને ભાવિ સમયના આત્માર્થીજીવો ઉપર અનંત ઉપકાર થયો. અતઃ તત્ત્વ નિરૂપણ અર્થે મુમુક્ષુ જગત ઉપર કૃપાળુદેવનો જેટલો ઉપકાર છે તેટલો જ ઉપકાર પૂ. શ્રી સૌભાગ્યભાઈનો છે.

(૫) શિષ્ય ગુરુનો ઉપકાર વ્યક્ત કરે અને તે અર્થે વંદન નમસ્કાર આદિ ભાવોથી ગદ્‌ગદ્ થાય તે પ્રસિદ્ધ છે. પરંતુ શ્રી સૌભાગ્યભાઈની પાત્રતા કેવી આશ્ચર્યકારક સમજવી કે ગુરુ સ્થાને બિરાજમાન એવા કૃપાળુદેવે તેમનો ઉપકાર ગાઈને વંદન અને ચરણસ્પર્શ આદિ ભાવો વ્યક્ત કર્યા છે !!! જે નિમ્ન પ્રકારે છે.

'' ..... હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો! '' (હાથનોંધ ૨/૨૦–પાના નં.–૮૨૪)

''....આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો એથ આ કાળમાં મળ્યો અને તેથી જ જીવાય છે.'' (પત્રાંક ૨૧૫–પાના નં. ૨૭૦)

''.....વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, તેવો વ્યવહારમાર્ગ છે, પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા

પૂછનાર મળતો નથી, અને જે (પૂ. શ્રી સૌભાગ્યભાઈ) છે તેનાથી વિયોગ રહે છે, ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈપણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.'' (પત્રાંક – ૨૪૪ – પાના નં.૨૮૪)

''....તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ? પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે, હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.'' (પત્રાંક – ૨૫૯ – પાના નં. ૨૯૩)

''આપનો સમાગમ અધિક કરીને ઈચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે, કુશલતા છે, ઈચછું છું.'' (પત્રાંક– ૧૩૩ – પાના નં. ૨૨૫)

''અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે. હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઈચ્છીએ છીએ.'' (પત્રાંક – ૨૫૫– પાના નં. ૨૯૦)

''ચિત્ત ઘણીવાર તમ પ્રત્યે રહ્યા કરે છે, જગતમાં બીજા પદાર્થો તો અમને કંઈ રુચિનાં કારણ રહ્યાં નથી.'' (પત્રાંક – ૩૫૭ – પાના નં. ૩૨૫)

''એક આત્મવાર્તામાં અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.'' (પત્રાંક – ૪૫૩ – પાના નં. ૩૮૭)

કૃપાળુદેવના સમાગમમાં અનેક ભક્ત રત્નો આવેલા તેમાં પૂ. શ્રી સૌભાગ્યભાઈ ભક્ત શિરોમણિ હતા તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. અને તેથી કૃપાળદેવની સ્પષ્ટ આજ્ઞા અનુસાર ''શ્રી સૌભાગ્ય મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.'' એવા પ્રકારે આજ્ઞા કરી ગયા છે. તદ્નુસાર કૃપાળુદેવના અનુયાયી મુમુક્ષુ સમાજે તેમની મુખ્યતા કરવી ઘટે છે. આ આજ્ઞાનું ઉલ્લંઘન–અવગણના ન થવી ઘટે.

''શ્રી સુભાગ્ય પ્રેમ સમાધિ વિષે વર્તે છે.'' (પત્રાંક– ૩૦૬) કૃપાળુદેવના આ વચન અનુસાર પૂ.શ્રી સૌભાગ્યભાઈનો પ્રેમ, સાધકની સમાધિના સ્થાને હતો, તેમ સ્પષ્ટ સૂચવે છે. તે ઉપરથી પૂ. શ્રી સૌભાગ્યભાઈનું પરિણમન બોધ આપી જાય છે. કે જ્ઞાની પુરુષને ઓળખવા અને પામવા અથવા કૃપાળુદેવને ઓળખવા અને પામવા પૂ. શ્રી સૌભાગ્યભાઈ થવું જોઈએ. અને જો તેવી યોગ્યતા પ્રાપ્ત થાય તો અવશ્ય 'જ્ઞાનીની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન'ની પ્રાપ્તિ થાય.

પરમ કૃપાળુદેવના પ્રત્યક્ષ યોગે પૂ.શ્રી સૌભાગ્યભાઈ ના આત્મા ઉપર જે ઉપકાર થયો તે તેમના જ શબ્દોમાં નીચેના પત્રમાં પ્રસિદ્ધ થયો છે.

સાયલા–જેઠ સુદી–૧૪, રવિ – ૧૯૫૩.

પરમપુરુષ, તરણતારણ, પરમાત્મદેવ, કૃપાનાથ, બોધસ્વરૂપ, દેવાધિદેવ, મહાપ્રભુજી, સહજાત્મ સ્વરૂપ સ્વામીની સેવામાં. મુંબઈ.

શ્રી સાયલેથી લિ. આપનો આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો.....

''.....દેહ ને આત્મા જુદો છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન ૮ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે. એ આપને સહજ જણાવા લખ્યું છે.....''

ઉપરોક્ત પત્રના અનુસંધાનમાં કૃપાળુદેવના શબ્દો નીચે પ્રમાણે છે.


''......શ્રી સોભાગે દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચળ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી. આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે. શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.

શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.''

અંતમાં, શ્રી સૌભાગ્યભાઈ પ્રતિ ઉપકાર અંજલિ વ્યક્ત કરતાં અત્રે વિરામ પામીએ છીએ.

# કૃપાળુદેવ પ્રત્યે પોતાના સર્વ પરિણામોની પૂરી કિતાબ ખૂલ્લી કરી લગભગ દરરોજ પત્ર લખતા એવા સરળતાની મૂર્તિ શ્રી સોભાગભાઈ





**પત્રાંક–૭**

સં. ૧૯૪૯ બીજા અસાડ સુધી ૧૨, મંગળવાર

પ્રેમ પૂજ્ય તરણતારણ બોધસ્વરૂપ પરમાત્મા દેવ સાહેબજી શ્રી રાજ્યચંદ્રભાઈની ચિરંજીવી ઘણી હોજો

શ્રી મોરબીથી લી. આગનાકીત(આજ્ઞાંકિત) સેવક સોભાગનું પાએ લાગણું(પાયલાગણ) વાંચશો. આપનો કીરપા(કૃપા) પત્ર હાલમાં જરા વધારે દિવસ થયા નથી તેથી મનમાં ઉતાપી રૈયા(ઉપાધિ રહ્યા) કરે છે માટે દયા લાવી કીરપા(કૃપા) કરી કાગળ લખશો અને જે પરશનનો(પ્રશ્નનો) જવાબ માગો(માગ્યો) છે તે પણ લખશો.

કેટલીક વાત પૂછવા ઈચ્છા થાય છે, પણ પાછો જવાપ(જવાબ) આવતો નથી તેમ કાંઈ ઊપજતું નથી ને ઊપજે તેનો ખુલાશો આવે નહીં. કબીરની સાખીવાળું છે કે ‘ખીલાથી વળગ્યો રહે તો વાળ વાંકો ન થાય’ તો મારે એમ જ છે. આ તો જીવને આનંદ લેવા કોઈ વખત પરશન(પ્રશ્ન) ઈઆદ(યાદ) આવે તો લખું છું. તે ફક્ત જાણવા સારુ, બાકી બીજું કાંઈ નથી.જાણવું તું તે તો જાણ્યું. હવે જાણવું રહું નઈ(રહ્યું નહી) કાં તો આપ જેવાને સાક્ષાત્ જાણા છે(જાણ્યા છે) તો બીજી પરવા નથી. જેમ ગોપીયુએ(ગોપીઓએ) ઓધવજીને કઅું(કહ્યું) હતું કે, તમારા ગનાનમાં(જ્ઞાનમાં) અમે કાંઈ સમજતાં નથી ને અમારે ગનાન(જ્ઞાન) જોતું(જોઈતું) નથી તેમ છે. હવે આપની ઈચ્છા હોય તેમ કરો. ગમે તો સમાગમમાં રાખો ગમે તો દૂર રાખો પણ એક ભજન રાત દિવસ મારે તો આપનું છે. માટે કીરપા(કૃપા) કરી મારી ઈચ્છા પૂરી કરો. તેમાં તમારું કાંઈ બગડી જવાનું નથી, વધારે શું લખું. મારી વતી ચી. મનસુખની-કેશવલાલને ઘટારત કેશો. ચી. મણિલાલ સાયલેથી ગૈકાલે(ગઈકાલે) આવો છે(આવ્યો છે) હાલમાં રૂઉ(કપાસ) મણ ૨૦૦ને આસરે લીધું છે તે તોળવા સારું સાઅલેથી(સાયલેથી) તેડાવો(તેડાવ્યો) હતો તે આવો(આવ્યો) છે.

લિ. સોભાગ.

## પત્રાંક-૧૪

સંવત ૧૯૫૧ના કારતક સુદી ૫, શુક્રવાર

પ્રેમ પુંજ પરમાત્માદેવ બોધસ્વરૂપ શ્રી રાયચંદ્રભાઈ વિ. રવજીભાઈ મુ. મુંબઈ બંદર.

શ્રી અંજારથી લિ. આપનો આજ્ઞાંકિત સેવક સોભાગનું પાયેલાગણું વાંચશો.

આપનાં પતાં (પત્રો) બે પહેલાં આવ્યા તે લખાવટ ઘણે ભાગે સમજ્યો છું અને તેનો જવાબ ગઈકાલે અને પરમ દિવસે લખ્યો છે. વળી સમજવા સારું આજે એક પત્તું પહોંચ્યું છે. વાંચી આનંદ થયો છે તે સમજૂતી આપો છો તે ખરી જ છે અને આપ જેવાનો જેને સત્સંગ છે તે ગમે તેમ મન ફેરવી વાળી ધીરજ પકડે જ. કારણ બીજા ઉપાય ન દેખે ત્યારે શું કરે પણ કોક ટાણે તો ભભક લાવો! પછી મૂવા પછી અમારે કાં (ક્યા) જોવું છે. હું તે વિષે કાંઈ આપને લખતો નથી. આપની કૃપાથી ખુશીમાં છું કાંઈ ચિંતા રાખશો નહિ અને અવસર દેખો ત્યારે સંભાળ લેશો. પતિવૃતાની ભક્તિ છે એ જ વિનંતિ.

મણિલાલનું પત્તું આજ આવ્યું તે પોતું (પહોચ્યું) છે. સમાચાર જાણ્યા છે. ત્રીકમજીની દુકાનથી જીવ મેળવી કોલાબાના કામમાં વાકેફ થાય તો તેને આગળ ઉપર ફાયદો છે. આજ સુરતનો તાર છે. શ્રી કારકો–૨૦૦ લેવા લખે છે. તો ધીરે ધીરે લેશું એમ કહેશો એ જ.

લી. સોભાગ

---


**(પાના નં ૧૭ થી આગળ... )**

અનંતકાળમાં સત્પુરુષનો યોગ અનંતવાર થવા છતાં તેમની ઓળખાણ નહિ થવાના અનેક કારણોમાં અસરળતા એ મુખ્ય કારણ છે. ઓઘસંજ્ઞાએ જ્ઞાનીપુરુષની ભક્તિ અને બહુમાન કરવા છતાં વંચનાબુદ્ધિ રહી જાય છે તેમાં સરળતાની જ ખામી છે તેમ સમજવા યોગ્ય છે.

* ચારે અનુયોગમાં / જિનવાણીમાં અનુયોગ અનુસાર વિષય અને સિદ્ધાંતનું પ્રતિપાદન છે; એમ છતાં સર્વત્ર અધ્યાત્મતત્ત્વનું પ્રતિપાદન કરવાનો આશય રહેલો છે. પારમાર્થિક અસરળતાને લીધે જીવને આગમ અને અધ્યાત્મમાં વિરોધ ભાસે છે જેથી તાત્પર્યરૂપ વીતરાગતાની પ્રાપ્તિ થતી નથી. આત્મહિતના આશયને મુખ્ય રીખીને આગમ-સિદ્ધાંતોનું જ્ઞાન કર્તવ્ય છે અને અધ્યાત્મતત્ત્વની મુખ્યતા અને આદર કરવા યોગ્ય છે. ઉદાહરણ તરીકે દ્રવ્યાનુયોગ અનુસાર એક પદાર્થની સત્તામાં દ્રવ્યના પ્રદેશો અને પર્યાયના પ્રદેશો જુદા જુદા નથી પરંતુ એક જ છે; તેમ છતાં અધ્યાત્મ તત્ત્વ-પરમપદનો આશ્રય કરાવવા અર્થે અધ્યાત્મના પ્રકરણમાં શ્રીગુરુનો સ્પષ્ટ ઉપદેશ છે કે : પર્યાયના પ્રદેશો ભિન્ન છે અને દ્રવ્યના પ્રદેશો ભિન્ન છે. ત્યાં પૂર્વાપર વિરોધ નથી. પરંતુ મતિની અસરળતાને લીધે વિરોધ ભાસે છે તેથી આત્મહિત ચુકાઈ જાય છે.

* એ ઉપયોગની પારમાર્થિક સરળતા છે કે અંતરંગમાં તિર્યંક / તીરછી ગતિ નહીં કરતા એટલે કે બાજુમાં રહેલા રાગને તે નહીં સ્પર્શતાં, સરળ થઈ, સ્વયંને ગ્રહે છે – આવી સરળતા ઉપાદેય છે. જો અસરળતા રહેશે તો તે અંતર્મુખ થવામાં બાધક છે માટે પરમ સરળતા આદરણીય છે.

સંક્ષેપમાં 'સરળતા' એ સ્વ-પર કલ્યાણક છે અને 'અસરળતા' પોતાને અને પરને કલ્યાણ થવામાં બાધક છે. – આવું 'સરળતા'નું મહત્ત્વ સમજીને આત્મહિત સાધવું યોગ્ય છે. શાંતિ.



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સૌભાગ્યમૂર્તિ સોભાગ્યભાઈ સંબંધિત હૃદયોદ્‍ગારો!!

આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે. (પત્રાંશ-૨૧૫)

*

અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે. (પત્રાંશ-૨૧૭)

*

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મૂંઝાવું. કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે ? એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે. (પત્રાંશ-૨૧૭)

*

વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ. (પત્રાંશ-૨૪૪)

*

અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે.હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઈચ્છીએ છીએ. (પત્રાંશ-૨૫૫)


*

'જ્ઞાનધારા' સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઈચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ?

પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું. (પત્રાંશ-૨૫૯)

*



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી
## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃતો
## વિષય - પાત્રતાના લક્ષણ

પ્રશ્ન :- પ્રથમ પાત્રતાનું શું સ્વરૂપ છે ?

ઉત્તર :- પોતાના દ્રવ્યમાં દ્રષ્ટિને તાદાત્મ્ય કરવી, પ્રસારવી. બહિર્મુખમાં તાદાત્મ્ય કરતી દ્રષ્ટિને પોતામાં તાદાત્મ્ય કરવી તે જ પ્રથમ પાત્રતા છે. (૨૦)

*

યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે તેથી તો કહે છે કે 'તેવી તેની કાળલબ્ધિ.' ત્યાં (અજ્ઞાની) કહે અરે, પુરુષાર્થને તો ઉડાડી દીધો ! અરે ભાઈ ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે ? કોઈ સ્વચ્છંદતા કરી લે, તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે, પરંતુ ત્રિકાળીમાં અહંપણું થાય તેમાં પુરુષાર્થ તો હોય જ છે પરંતુ આ (પુરુષાર્થની) પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળી દળ જ છું. (૧૧૩)

*

યોગ્યતા અને પાત્રતા ઠીક હોય તો એક જ ક્ષણમાં કામ થઈ જાય એવી વાત છે. (૧૮૩)

*

વાત સાંભળતાં જ ચોંટ લાગે-તે પણ એક પાત્રતા છે. (૪૨૧)

*

'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું' એવું સાંભળતાં જ કાંઈ કરવું-કરાવવું છે જ નહિ-એવો ઉલ્લાસ તો પ્રથમથી જ આવવો જોઈએ; અને પછી તેની જ પૂર્તિ માટે પ્રયાસ કરવો છે. (૪૨૭)

*

પોતાથી પોતાની પાત્રતાની ખબર પડી જાય છે. બીજો કહે, ન કહે-એનાથી મતલબ નથી. દ્રવ્ય સ્વતંત્ર છે ને ! તેને પરની અપેક્ષા જ નથી. (૪૭૬)

*


---

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને (e-copy) - pdf. ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૧૩–C



પ્રશ્ન :– અંતરથી લાગે એને થાય એટલે કે ખરેખર આત્માની ભાવના પૂર્વક મારે આ જ કરવું છે, આ જ પ્રાપ્ત કરવું છે એવી ભાવનાપૂર્વક કરે...

ઉત્તર :– તો થાય. મારે કરવું જ છે. અંતરની ભાવનાથી. એને ક્યાંય રસ પડે નહિ. રસ છૂટી ગયો છે. આત્માનો જ રસ લાગ્યો છે. ક્યાંય ચિત્ત ચોંટતું નથી. રુચિ ઉઠી ગઈ છે. તો એને આત્માની રુચિ લાગે. પણ પુરુષાર્થ હજી મંદ છે તો પુરુષાર્થ કર્યા કરવો. તો આત્માની રુચિ લાગે એને થયા વગર રહેતું નથી.

પ્રશ્ન :– પ્રયોગમાં પણ આ જ પ્રકાર.

ઉત્તર :– પ્રયોગ તો આ જ કરવાનો છે.

પ્રશ્ન :– સ્વભાવને ઓળખીને...

ઉત્તર :– સ્વભાવને ઓળખીને હું જ્ઞાયક છું એવી ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો થાય. એ એક જ છે. એના માટે બહારની ઝાઝી ક્રિયા કરવી પડે, કોઈ ઝાઝો અભ્યાસ હોય તો થાય એવું પણ નથી. પ્રયોજનભૂત દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે અને અમુક ઝાઝું ન જાણે તોપણ થાય. કે ઝાઝું અપવાસ કરે કે ઝાઝો ત્યાગ કરે, ઝાઝું શીખે–ભણે તો થાય એવું પણ નથી. પણ અંતરનો અભ્યાસ હોવો જોઈએ. અંતરનો અભ્યાસ. બહારનો અમુક હોય તો થાય પણ અંતરનો ભેદજ્ઞાનનો અભ્યાસ એ હોવો જોઈએ એને સમજીને. વગર સમજે ધ્યાન કરીને બેસી જાય. આત્માને ઓળખ્યા વગર. ઘણા કહે છે ને ધ્યાન કરવાથી થાય. ઓળખ્યા વગર ધ્યાન કરે તો .. ક્યાં ઊભો રહે? આત્માને ઓળખ્યો નથી. સ્થિર ક્યાં થાય? એકાગ્ર ક્યાં થાતું આત્માને ઓળખ્યા વગર. એકાગ્ર થાય તો વિકલ્પને મંદ કર્યા કરે પણ વિકલ્પથી હું જુદો છું એ આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી તો એમ પણ થાતું નથી. આત્માને ઓળખીને કે આ હું છું પછી એકાગ્ર થાય તો થાય.

એકાગ્રતા અસ્તિત્વ આત્માનું ગ્રહણ કર્યા પછી આત્મામાં સ્થિર થાય. ભેદજ્ઞાન હું જુદો છું એમ સમજીને એમાં એકાગ્ર થાય તો થાય. વગર સમજે ધ્યાન કર્યા કરે તોપણ થાય નહિ.

પ્રશ્ન :– અંતરથી કરવાનો અર્થ પોતાનો ઓળખીને?

ઉત્તર :– પોતાને ઓળખીને કરે તો થાય. એવા ધ્યાન પણ જીવે ઘણીવાર કર્યા. પણ થાતું નથી. કારણ કે અંદરથી ભેદજ્ઞાન કરતો નથી. માટે થાતું નથી.

પ્રશ્ન :– ઓળખાણ પોતાને કરવી છે?

ઉત્તર :– પોતાને જ કરવી છે. પોતે પોતાને ઓળખવો છે. સ્વભાવ ઓળખીને. કે આ હું

જ્ઞાયક છું. આ જાણનારો તે હું છું. જે જાણનારો છે એ બધો અનંતગુણથી ભરેલો શુદ્ધાત્મા જ્ઞાયક છું. એ જાણનારને ઓળખીને આ હું જાણનાર, એનું અસ્તિત્વ ગ્રહણ કરીને આ હું નથી, આ શરીર હું નથી, આ વિકલ્પ આવે તે પણ હું નથી, એ મારો સ્વભાવ નથી. હું તો એક જાણનારો જ્ઞાયક છું. પણ એ જ્ઞાયકની એને મહિમા લાવવી જોઈએ. તો એમાં ટકી શકે. માત્ર એમ જાણનાર બોલ્યા કરે તોપણ થાય નહિ. જ્ઞાયકની મહિમા લાવવી જોઈએ કે જ્ઞાયક કોઈ દિવ્ય મૂર્તિ છે. એની મહિમા લાવવી જોઈએ. જેમ ભગવાનની, ગુરુની મહિમા લાગે એમ જ્ઞાયકદેવની પણ મહિમા લાગવી જોઈએ. કે હું તો જાણનારો નિર્વિકલ્પ સ્વભાવી શુદ્ધાત્મા. એની મહિમા લાગીને એને ઓળખે કે આ રહ્યો જ્ઞાયક. એમ ગ્રહણ કરે તો એમાં એ ટકી શકે. જાણનાર એટલે કાંઈ નહિ. લુખ્ખો જ્ઞાયક. એમ નહિ. જાણનારની મહિમા એને લાગવી જોઈએ.

પ્રશ્ન :- પોતાને મહિમાપૂર્વક ઓળખીને પછી ભેદજ્ઞાન કરે...

ઉત્તર :- તો યથાર્થ થાય.


પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં (આવે છે કે) કેવળજ્ઞાનીનો વિશ્વાસ થાય તેને ચારે પડખે સમાધાન આદિ રૂપ પ્રતીતિ જોઈએ અને એણે જ કેવળજ્ઞાનીએ દીઠું એનો સાચો સ્વીકાર કરે છે. તો એમાં ચારેય પડખેથી અવિરુદ્ધ પ્રતીતિ જોઈએ એમાં શું કહેવું છે?

ઉત્તર :- ચારે પડખેથી એને પ્રતીતિ આવવી જોઈએ. એને કેવળજ્ઞાને દીઠું એમ ભાસે. ભગવાને દીઠું એમ થાશે એનો અર્થ હવે મારે કાંઈ કરવાનું નથી. ભગવાને દીઠું એમ થાશે. એમ સમજે માત્ર કે મારે કાંઈ કરવું નથી પુરુષાર્થ. એ તો ભગવાને દીઠું એમ થવાનું છે. એમ એણે યથાર્થ રીતે ભગવાનને ઓળખ્યા નથી. એને ચારે પડખેથી પ્રતીતિ, આત્માનું સ્વરૂપ શું, નિશ્ચયથી શું છે? વ્યવહારથી શું છે? એમ ચારેબાજુની દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રતીતિ આવીને જે ભગવાને દીઠું એમ થાશે એવી જાતનો જેને વિશ્વાસ છે એ એણે યથાર્થ સમજ્યો છે. માત્ર એમ સમજ્યા વગર ભગવાને દીઠું એમ થાશે એ તો પોતે પુરુષાર્થની મંદતા માટે બોલે છે. ભગવાને દીઠું એમ ભગવાને જ્ઞાનમાં જેમ આવ્યું તેમ થવાનું છે. અને ભગવાનના જ્ઞાનમાં એમ જ આવ્યું છે કે હું પુરુષાર્થપૂર્વક જે કરે એને થાય છે. જે પુરુષાર્થનો નિષેધ કરે છે એને થાતું જ નથી.

**(તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)**


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (જૂન-૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના વિશેષાંકની સમર્પણ રાશિ શ્રી સૌરભ સુંદરલાલજી જૈન, આગ્રા તથા શ્રુતિ રણધીર ઘોષાલ, કોલકાટા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# સરળતા

## -પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

આત્મહિતના પ્રયોજન માટે, મુમુક્ષુની ભૂમિકામાં સરળપણું હોવું તે અત્યંત મહત્ત્વનો ગુણ છે. સરળતા ઉત્પન્ન થવાથી અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થતા જ નથી. તેમજ અન્ય અનેક ગુણ ઉત્પન્ન થવાનું સરળતા મુખ્ય કારણ બને છે. સરળતા નહિ હોવાને લીધે આત્મહિતની દિશમાં બહુ મોટો અવરોધ રહે છે; એટલે કે અસરળતા આત્મગુણ-રોધક છે. ખરેખર તો સરળતા વિનાનું મુમુક્ષુપણું શૂન્યવત્ જ હોય છે.

સરળતાના કારણે વ્યવહાર અને પરમાર્થમાં અનેક પ્રકારે લાભ થાય છે તો અસરળતાને લીધે અનેક પ્રકારે વ્યવહાર અને પરમાર્થમાં નુકસાન થાય છે; જેનું સંક્ષિપ્ત વિવરણ નિમ્ન પ્રકારે વિચારવા યોગ્ય છે.

* સરળતાથી મધ્યસ્થતા અને વિશાળતા પ્રાપ્ત થાય છે. જેથી સરળ પરિણામી જીવ કોઈ પણ પ્રસંગમાં અનુચિતપણે પક્ષપાતી થતો નથી. અને યથાર્થ વિચાર શક્તિને લીધે તે, મધ્યસ્થભાવે રહી, વિપર્યાયસથી બચી જાય છે. તેમજ 'સત' નો સ્વીકાર કરવામાં સંકુચિતતાને કારણે થતા નુકસાનથી પણ તે બચી જાય છે. વિશાળબુદ્ધિ અને મધ્યસ્થતા એ સરળતાથી ઉત્પન્ન થયેલા ગુણો છે.

* ચાર ગતિમાં તિર્યંચગતિની અંદર જીવોની સૌથી વધારે સંખ્યા છે. તેનું કારણ જીવના તિર્યંક - તીરછા, આડા, વક્ર, અસરળ - પરિણામોનું તે પ્રગટ ફળ છે. જ્યારે મનુષ્યગતિમાં જીવોની સંખ્યા સૌથી ઓછી હોય છે. ત્રણે કાળે સંખ્યાનું આવું પરિમાણ એમ સૂચવે છે કે પરિભ્રમણ કરતા જીવોમાં સરળ પરિણામથી મનુષ્યત્વ પ્રાપ્ત કરે તેનું પ્રમાણ ઘણું અલ્પ છે. મનુષ્યત્વની દુર્લભતા જોઈ 'સરળતા' ઉપાસનીય છે.

* નિર્દોષ અને પવિત્ર દશા પ્રાપ્ત કરવાના અભિલાષી જીવે, સૌ પ્રથમ સ્વચ્છંદરૂપી મહાદોષની હાનિ થવા અર્થે, નિજ દોષનું અવલોકન કરવું આવશ્યક છે; આવું નિષ્પક્ષ અવલોકન સરળ પરિણામી જીવ જ કરી શકે છે. સ્વદોષને મટાડવાનો આ એક રામબાણ ઈલાજ છે. પણ તે સરળતા વિના સાધ્ય નથી.

* સુગમતાએ સ્વચ્છંદરૂપી અંધત્વથી દૂર થવું હોય, તે જીવની મતિ સરળ થવાથી, તે જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. જ્ઞાનદશા પામવાનો આ અદ્ભુત ઉપાય છે. જ્ઞાની પુરુષની આજ્ઞા માટે તત્પરતા સરળ પરિણામી જીવને હોય છે. તેથી તેને જ્ઞાની પુરુષનો બોધ અવધારણ કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. અનેક શાસ્ત્રોનું અધ્યયન અને ઘણી બાહ્યક્રિયાથી જે લાભ થતો નથી તે લાભ, સરળ પરિણામી મુમુક્ષુને જ્ઞાનીના માર્ગે ચાલવાના દ્રઢ નિશ્ચયથી થાય છે.

* જીવનમાં એકમાત્ર આત્મહિતનું લક્ષ બાંધવું તે પરમાર્થે સરળતા છે. આવી પારમાર્થિક સરળતાનું મહત ફળ છે. આ પ્રકારની સરળતા અનેક પ્રકારના ઉચ્ચકોટિના પરિણામ શ્રેણીનું કારણ બને છે. અને

અંતતઃ મોક્ષમાર્ગની પ્રાપ્તિપૂર્વક પૂર્ણ પદની પ્રાપ્તિ સુધી પહોંચાડે છે.

* આત્માર્થી જીવમાં સરળતા પ્રાપ્ત થવાને લીધે, શ્રીગુરુના ગમે તેવા વચનોમાં તેને વિશ્વાસ રહે છે અને ક્યાંય પણ જરીયે શંકા પડતી નથી. તેથી તેમ ફલિત થાય છે કે : સત્પુરુષના વચનમાં શંકા થવી તેવી અયોગ્યતા, અસરળતાની દ્યોતક છે.

* પરિણામની સરળતાને લીધે એક વિશિષ્ટ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત થાય છે કે જેને લીધે જીવ સત્પુરુષના આશય ગ્રહણ કરવાને પાત્ર થાય છે. આવી યોગ્યતા વિના અનેક ઉત્કૃષ્ટ નિમિત્તોનો યોગ થવા છતાં પણ 'આશય ગ્રહણ નહીં થવાથી' જીવ આત્મહિતથી વંચિત રહ્યો છે. આ પરિસ્થિતિ અસરળતાથી કેટલું મોટું નુકસાન છે તે પ્રદર્શિત કરે છે.

* જે જીવ સ્વયંના દોષને અપક્ષપાતપણે અવલોકન કરીને તેનો નિષેધ ન કરે તેને પોતાના દોષનો જાણે-અજાણ્યે બચાવ થાય છે અને તે રીતે નિજ દોષનું ગુપ્ત અનુમોદન વર્તે છે તેથી દોષનો અભાવ થઈ શકતો નથી.

પરંતુ જે જીવ સરળતાપૂર્વક મધ્યસ્થપણે નિજ દોષને જુએ છે તેને દોષના ગુપ્ત અનુમોદનનો અભાવ થાય છે તેથી તે દોષ ભાવ નિરાધાર થઈ, રસ અને શક્તિહીન થઈ નાશ પામે છે. મુમુક્ષુની ભૂમિકાના સર્વ પ્રકારના દોષનો નાશ કરવા માટે સરળતા એ સૌથી મોટું શસ્ત્ર છે.

* સરળતાથી વિરુદ્ધ અસરળતાના પરિણામ અનેક પ્રકારે જીવોને ઉત્પન્ન થાય છે તેનું સ્વરૂપ પણ સમજવા યોગ્ય છે. વક્રતા, કૃત્રિમતા (વચન અને હાવભાવપૂર્વક થતી), દંભ, કુટિલતા, માયા, છળ, કપટ, હઠાગ્રહ અને જીદના પરિણામો અસરળતાના દ્યોતક છે તેથી આત્માર્થી જીવે તેને અહિતકારી જાણી ત્યાગવા યોગ્ય છે.

* અસરળતાનું મૂળ પર્યાયબુદ્ધિ છે. તેથી જીવને સર્વ પ્રકારના દોષ પાંગરી જાય છે. તેથી પર્યાયબુદ્ધિ, સર્વ પ્રકારના ઉદ્યમથી મટાડવા યોગ્ય છે. ત્રિકાળી ભગવાન આત્માની અધિકતા ચૂકીને, તે મહિમાવંત હોવા છતાં તેની મહિમાનું લક્ષ છોડીને શુભાશુભ ઉદયને કે એક સમયની પર્યાયને મહત્ત્વ આપી તેનો આશ્રય કરવો તે પરમાર્થે અસરળતા છે.

* શ્રી જિનેન્દ્રદેવના ઉપદેશ અનુસાર શ્રીગુરુ દ્વારા સત્‌શ્રવણની પ્રાપ્તિ થાય છે. છતાં પણ જીવ જિનાજ્ઞા ઉપર પગ દઈ ચાલે છે અર્થાત્ ઉપયોગ નહીં રાખતા આજ્ઞાની અવગણના કરે છે. ત્યાં સરળતા ક્યાં રહી ?

* સત્શાસ્ત્રમાં પ્રયોજનવશ નિશ્ચય અને વ્યવહારથી કથન કરવાની પદ્ધતિ છે. ઉદાહરણ તરીકે 'રાગનો કર્તા જીવ નથી પરંતુ પુદ્‌ગલ છે' અને 'રાગનો કર્તા જીવ છે' – આ બન્ને આગમ-વચન છે. અને બન્નેમાં આશયની અવિરુદ્ધતા છે; તે સરળ પરિણામી જીવને સહજતાથી સધાય છે. તે યથાર્થપણે બન્ને વચનોને મુખ્ય – ગૌણતા પૂર્વક ગ્રહણ કરે છે. પરંતુ મતિની વક્રતાને લીધે જીવને વિરોધ ભાસે છે તેથી આત્મહિત સાધી શકતો નથી. જ્યારે સરળ પરિણામી જીવને એવો નિશ્ચય વર્તે છે કે : જ્ઞાની પુરુષના વચન હંમેશાં પૂર્વાપર અવિરુદ્ધ જ હોય છે.

* સત્સંગની ઉપાસના અને સત્શાસ્ત્રોનું અધ્યયન સરળ પરિણામે થવા શ્રી જિનાજ્ઞા છે. અને તો જ સત્યનું ગ્રહણ અથવા તત્ત્વનું ગ્રહણ સુલભપણે થાય છે અને જીવ ગુણગ્રાહી બને છે

**(અનુસંધાન પાના નં ૧૧ પર.. )**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત વિપુલ સત્‌સાહિત્ય પૈકી નીચે મુજબનું સાહિત્ય હાલમાં ઉપલબ્ધ છે. જે કોઈપણ રસ ધરાવનાર મુમુક્ષુ, સંસ્થા કે ગ્રંથાલયને આ સાહિત્યમાંથી જેની પણ આવશ્યકતા હોય તેમણે સંપર્ક કરવા વિનંતી.**
**સંપર્ક નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩**

(૧) **'અનુભવ સંજીવની'**
(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અગાધ મંથનમાંથી વહેલી ચિંતન કણિકાઓ - હાથનોંધ (ડાયરીઓનું) સંકલન)

(૨) **'અધ્યાત્મ સુધા' (ભાગ ૧ થી ૧૨)**
('બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૩) **'આત્મ અવલોકન પ્રવચન' (ભાગ ૧ થી ૫)**
('આત્મ અવલોકન ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૪) **'ધન્ય આરાધક'**
(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આત્મઆરાધના અને તેમના વ્યક્તિત્વને દર્શાવતું અનોખું સચિત્ર પ્રકાશન)

(૫) **'સુવિધિ દર્શન'**
(પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં જ પ્રવચન)

(૬) **'રાજ હૃદય' (ભાગ ૧ થી ૧૯)**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૭) **'સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય'**
('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૧૪૭,૧૯૪,૨૦૦,૫૧૧,૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૮) **'ગુરુ ગિરા ગૌરવ' (ભાગ ૧,૨)**
(પૂજ્ય સોગાનીજીના પત્રો તથા વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૯) **'તત્ત્વાનુશીલન'**
(પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)

(૧૦) **'સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો અમૃત પત્ર**
('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૧) **'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'**
(પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીની તત્ત્વચર્ચા તથા પત્રો)

(૧૨) **'વચનામૃત્ત રહસ્ય'**
('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં થયેલા પ્રવચનો)

(૧૩) **'કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન' (ભાગ ૧,૨)**
('કાર્તિકિયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૧૪) **'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪)**
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ચૂંટેલાં પ્રવચનો)

(૧૫) **'પરમાગમસાર'**
(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી પૂજ્ય ભાઈશ્રી દ્વાર ચૂંટેલા બોલ)

(૧૬) **'મુક્તિનો માર્ગ'**
('સત્તા સ્વરૂપ' ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

(૧૭) **બૃહદ દ્રવ્ય સંગ્રહ પ્રવચન'** (ભાગ ૧,૨)
('દ્રવ્ય સંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૧૮) **'છ ઢાળા પ્રવચન'** (ભાગ ૧ થી ૩)
('છ ઢાળા' પર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

(૧૯) **'દ્વાદશ અનુપ્રેક્ષા'**
(બાર ભાવના પર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

(૨૦) **'વિધિ વિજ્ઞાન'**
(વિધિ વિષયક જ્ઞાનીપુરુષોના વચનામૃતો)

## વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકોના પ્રાપ્તિ સ્થાન

### (૧) ગુરુ ગૌરવ
પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સ્મારક, સોનગઢ, સૌરાષ્ટ્ર

### (૨) શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર
શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર

## વિનમ્ર અપીલ

"સ્વાનુભૂતિપ્રકાશ" માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્‌ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# ‘સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો’



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org